Prepp
Your Personal Exams Guide

UPSC CSE 2020 MAINS PAPER 7 JANUARY 18, 2021 GUJARATI OPTIONAL PAPER - II QUESTION PAPER

# ગુજરાતી / GUJARATI

## પેપર II / Paper II

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| સમય મર્યાદા : ત્રણ કલાક<br>Time Allowed : **Three** Hours | મહત્તમ ગુણ : **250**<br>Maximum Marks : **250** |

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

***પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :***

*અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.*

*ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.*

*પ્રશ્ન ક્રમાંક **1** અને **5** ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી એક પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.*

*પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.*

*ઉત્તર **ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં)** લખવાના રહેશે.*

*જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.*

*પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.*

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## SECTION A

**Q1. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** *10×5=50*

(a) રોહિણીપતિના ભાલે રશ્મિઓ રમતા હતા :
તુહિનાચલના જાણે શૃંગમાં ભમતા હતા ! *10*

(b) જે રહે કલ્પવૃક્ષની તળે, તેને શી વસ્તુ નવ મળે ?
જે જીવ જળમાં ક્રીડા કરે, તે પ્રાણી કયમ તરશે મરે ? *10*

(c) સૌંદર્ય કેરી સંપત્તિ સ્વર્ગથી અહીં ઊતરે,
દુર્વ્યય કરવા તેનો અધિકાર ન કોઈને. *10*

(d) મુંબઈમાં હું વિદ્યાર્થી હતો, હવે અનુભવાર્થી છું. *10*

(e) જયમ દર્પણ મૂકિયે સામસામાં તે પ્રતિબિંબે એકમેકમાં,
તે અન્યોઅન્ય અનંત થાયે, જો દષ્ટ પહોંચે જઈ છેકમાં. *10*

**Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક ચર્ચા કરો.**

(a) 'વસંત વિલાસ' ફાગુમાં પ્રકૃતિનું રૂપકાત્મક નિરુપણ *20*

(b) 'કાદંબરી' માં જન્મજન્માન્તરનું કથાઘટક *15*

(c) 'મારી હકીકત' માં પ્રગટ થયેલું નર્મદનું વ્યક્તિત્વ *15*

**Q3. સદષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો.**

(a) 'અખેગીતા' માં જીવ-જગત-માયાનું સ્વરૂપ *20*

(b) 'ચન્દ્રચન્દ્રાવતીની વારતા' કૃતિને આધારે શામળની સર્જકતાનું મૂલ્યાંકન કરો *15*

(c) 'ફાર્બસવિરહ' માં મિત્રવિરહનું આલેખન *15*

**Q4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો.**

(a) 'રાઈનો પર્વત' નાટકમાં જાલકાનો પ્રપંચ. *20*

(b) 'સરસ્વતીચન્દ્ર ભાગ : ૧' ની કથનકળાની ચર્ચા કરો. *15*

(c) 'સુદામા ચરિત્ર' માં નિરૂપીત વિવિધ રસના ઉદાહરણ આપી પ્રેમાનંદના રાર્જક કર્મનો પરિચય કરાવો. *15*

## SECTION B

**Q5.** **નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** *10×5=50*

(a) ઉષા ! વેદ-કન્યા 'ઉષા' માત્ર શબ્દ છે ? એક એક શબ્દ, એક એક સંકુલ. *10*

(b) તો, તો હું પરીને કહીશ કે મારા મોટાભાઈનું આખું માથું રૂપેરી કરી નાખો. *10*

(c) ફિલસૂફી અને કાવ્ય બન્ને એક જ લક્ષ્ય તરફ જાય છે. *10*

(d) આપણું તો કપાળેય કાણું છે ને આ ખોબોય કાણો નીકળ્યો. *10*

(e) કોનાં તે નેત્રની સાથે સંધાયે નેત્રની પ્રભા !
હાલતા હોઠ જાણે કે ઉચ્ચારે છે 'સ્વધા, સ્વધા' ! *10*

**Q6.** **સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો.**

(a) 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ : ૧ માં વ્યક્ત થયેલો વીરરસ *20*

(b) 'ધ્વનિ' કાવ્યસંગ્રહની 'આયુષ્યના અવશેષે' સોનેટમાળામાં રજૂ થયેલું જીવનચિંતન *15*

(c) 'જનાન્તિકે' માં સુરેશ જોષીની કલ્પનસૃષ્ટિ *15*

**Q7.** **નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો.**

(a) 'કાવ્યની શક્તિ' માં રા.વિ. પાઠકના 'પ્રેમાનંદના હાસ્યરસ' વિશેના ખ્યાલો *20*

(b) 'હિંદ સ્વરાજ' માં ગાંધીજીના સ્વરાજવિષયક વિચારો *15*

(c) 'સપ્તપદી' માં અસ્તિત્વપરક સંવેદના *15*

**Q8.** **સમીક્ષાત્મક નોંધ લખો.**

(a) 'માનવીની ભવાઈ' નું કથાવસ્તુ જણાવી તેના શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો. *20*

(b) 'પાટણની પ્રભુતા' માં ઐતિહાસિક પરિવેશનું આલેખન. *15*

(c) 'અશ્વત્થામા' નાટકને આધારે નાટ્યકાર સિતાંશુ યશચંદ્રની વિશેષતા – મર્યાદા ચર્ચો. *15*